# શું આપ ચાહો છો વાળરહીત સુંદર અને સુંવાળી ત્વચા?



કંટાળાજનક શેવીંગ, થ્રેડીંગ, વેકસીંગ થી
મેળવો છુટકારો.......!!
આજે જ અપનાવો

## "લેસર હેર રીમુવલ"

પદ્ધતિ અને મેળવો.....
અણગમતા વાળથી કાયમી છુટકારો.....

*Be Hair Free*

**ડૉ. ભાવેશ દેવાણી**
એમ.ડી.(સ્કીન)
(કોસ્મેટીક ડર્મેટોલોજીસ્ટ)

**દ્રષ્ટિ સ્કીન એન્ડ આઈ કેર હોસ્પિટલ**
**કોસ્મેટીક લેસર સેન્ટર**

## અણગમતા વાળથી છુટકારો મેળવો....
## અપનાવો લેસર હેર રીમુવલ પદ્ધતિ

**શું તમે ક્યારેય વાળરહીત સુંવાળી ત્વચાનું સપનું જોયું છે ?**

મહિલાઓ શેવિંગ, વેકસીંગ, થ્રેડીંગ, પ્લકિંગ, બ્લીચીંગ, ઈલકટ્રોલાયસીસ તથા વિવિધ ક્રીમ અણગમતાં વાળને દુર કરવા અપનાવે છે.

આ તમામ પદ્ધતિઓ કામચલાઉ, સમય લેનારી, તથા ત્રાસ દાયક છે. તેમજ ત્વચાને ખરબચડી, રૂક્ષ તેમજ કાળાશ પડતી બનાવે છે.

તો આ પ્રકારના અનિચ્છનિય તેમજ મુશ્કેલીરૂપ બની ગયેલા અણગમતા વાળથી છુટકારો મેળવવા, વિશ્વની સૌથી આધુનિક તેમજ પરીણામલક્ષી ડાયોડ લેસર હેર રીમુવલ સારવાર (માઈલ્સમેન-સ્પેન) **દ્રષ્ટિ હોસ્પિટલ**માં કાયમી ધોરણે ઉપલબ્ધ છે.

વાળના કાયમી નિકાલ માટે આ મશીન FDA USA દ્વારા પ્રમાણિત છે. આ સારવાર બીનજોખમી, સચોટ, ઝડપી તથા પીડારહીત છે.


**USA FDA APPROVAL**

**Proven Technology**






1



2



3



4



Before

After

## લેસર સારવાર વિશે વિસ્તૃત માહિતી :-



આજે વિશ્વભરમાં લેસર હેર રીમુવલ પદ્ધતિ ખુબજ લોકપ્રિય છે. લેસર એ વિશિષ્ટ પ્રકારનો તીવ્ર શકિત ધરાવતો પ્રકાશ છે. વાળમાં રહેલા રંગદ્રવ્યો (મેલેનીન) આ પ્રકાશને ગ્રહણ કરે છે. અને તેનું ગરમીમાં રૂપાંતર કરે છે. અને વાળના મૂળને નષ્ટ કરે છે. અને વાળ ફરીથી ઉગતા નથી. સફેદ વાળમાં મેલેનીન હોતુ નથી, તેથી આ સારવાર સફેદ વાળમાં ઉપયોગી નથી. લેસર કિરણો દ્વારા વાળનો નિકાલ તબકકાવાર થાય છે.

વાળની વૃધ્ધિના ત્રણ તબકકાઓ હોય છે સક્રિય, નિષ્ક્રીય અને સુષુપ્ત. કોઈપણ સમયે ૬૦ થી ૮૦% વાળ સક્રિય તબક્કામાં હોય છે. લેસર કિરણો માત્ર સક્રિય તબકકા ઉપર જ અસર કરે છે. આથી વાળની સંપૂર્ણ સારવાર માટે ૪ થી ૭ વખત આ પ્રક્રિયા કરવી પડે છે. વધારે સારવારની જરૂરીયાત વાળના રંગ, જાડાઈ, ઘનતા, વંશપરંપરાગતતા તથા અંતઃસ્ત્રાવ (Hormones)ના પ્રમાણ પર આધાર રાખે છે.

## લેસર હેર રીમુવલ કોણ કરાવી શકે ?

સ્ત્રીઓને હોઠ, દાઢી, ગાલ, ગળા કે બગલમાં ઊગતા વાળ અસ્વીકાર્ય છે. સ્લીવલેસ ડ્રેસ, ટુંકાસ્કર્ટ કે સ્વીમીંગ સ્યુટ પહેરતી મહિલાઓને બગલ, હાથ, પગ, પેટ કે હોઠ ઉપર ઊગતા વાળ ગમતા નથી. પુરુષોને પણ છાતી ઉપર, વાંસા પર, કાન પર કે હાથ પર ઉગતા વાળ ગમતા નથી. હવે આ અણગમતા વાળથી છુટકારો મેળવવાનો વધુ સારો ઈલાજ **'દ્રષ્ટિ હોસ્પિટલ'**માં કાયમી ધોરણે ઉપલબ્ધ છે. તો અપનાવો વિશ્વની આધુનિક ડાયોડ લેસર હેર રીમુવલ પદ્ધતિ......

Before



After

Side of the Face


Before



After

Underarms

## સારવાર કઈ રીતે કરવામાં આવે છે ?




- જે ભાગની સારવાર કરવાની હોય તે ભાગને પહેલા શેવીંગ કરી કુલીંગ ટ્રીટમેન્ટ આપવાની હોય છે.
- ત્યારબાદ તે ભાગ પર લેસર કિરણો ફેંકવામાં આવે છે. ત્યારે આછી ઝણઝણાટી કે થોડી બળતરા થાય છે.
- ત્યારબાદ ક્રીમ લગાડવામાં આવે છે.
- આ સારવાર બાદ વ્યકિત તરતજ કામ પર જઈ શકે છે.

## લેસર સારવાર કરાવતા પહેલા ધ્યાનમાં રાખવાની બાબતો

- સારવારના ૪-૬ અઠવાડીયા પહેલા બ્લીચીંગ, થ્રેડીંગ વેકસીંગ કે પ્લકીંગ કરવુ હિતાવહ નથી.
- વધેલા વાળને કાતર કે રેઝરથી દુર કરી શકાય છે.
- ચામડીનો કોઈ રોગ હોય તો ડોકટરને જણાવવું.
- સારવાર પહેલા અમુક દર્દીએ લેબોરેટરી કે સોનોગ્રાફીની તપાસ કરાવવી જરૂરી છે.

## લેસર સારવાર બાદ રાખવાની કાળજી

- લેસર સારવાર કરાવ્યા બાદ તડકામાં જવાનું થાય તો સનસ્ક્રીન ખાસ લગાવવું.
- ડોકટરે લખી આપેલ દવા નિયમીત લેવી તથા લગાડવી.

## લેસર સારવાર કેટલી વાર કરાવવી પડે ?

- લેસર સારવાર માત્ર સક્રિય વાળ પર જ અસર કરે છે. આથી મોટા ભાગની વ્યકિતઓ માં સંપૂર્ણ સારવાર માટે ૪ થી ૭ વાર પ્રક્રિયા કરવી પડે છે.



## આ લેસર સારવાર કેટલા સમયના અંતરે કરાવવી પડે ?

આનો આધાર વાળના વિકાસ સમય પર આધારીત છે, જેમ વાળનો વિકાસ વધારે તેમ સમય ઓછો.સામાન્ય રીતે ૪ થી ૬ અઠવાડીયે લેસર સારવાર કરાવવી પડે છે.

## શું ખરેખર લેસર હેર રીમુવલ પધ્ધતિ દ્વારા અણગમતા વાળથી કાયમી છુટકારો મળે ?

શેવીંગ, થ્રેડીંગ, વેકસીંગ, પ્લકીંગ તથા ક્રિમ એ વાળ દુર કરવાના ટુંકાગાળાના ઉપાયો છે. જયારે લેસર કિરણો તમારા વાળના મૂળનો નાશ કરે છે. મોટા ભાગની વ્યકિતઓમાં આખી સારવાર પુરી થયા પછી ૭૦ થી ૯૦% જેટલું પરિણામ મળે છે. પરિણામનો આધાર અંતઃસ્ત્રાવના પ્રમાણ પર આધારીત છે. આવા કિસ્સાઓમાં સારવાર બાદ દર છ-બાર મહિને એક પ્રક્રિયા તમને મોટી ઝંઝટમાંથી છુટકારો આપે છે. આજે દુનિયાભરમાં માત્ર લેસર પધ્ધતિ જ વાળને તબકકાવાર ઘટાડો કરવા માટે વિશ્વાસપાત્ર ગણાય છે.

## શું આ સારવાર ખર્ચાળ છે ?

પ્રથમ નજરે ખર્ચાળ લાગી શકે છે. પરંતુ થોડા થોડા દિવસે કરવામાં આવતા વેકસીંગ કે વિવિધ પ્રકારના ક્રિમના ખર્ચાઓ તથા ત્વચા ઉપર થતી તેની આડઅસર જેવી કે ત્વચા રૂક્ષ થવી, કાળી થવી, ખરબચડી થવી તેમજ તે માટે લાગતો સમય, જો તે બધાને ધ્યાનમાં લેવામાં આવે તો લેસર હેર રીમુવલ પધ્ધતિ લાંબા ગાળાની પરીણામલક્ષી સચોટ તથા ઓછી ખર્ચાળ તેમજ આડઅસર વગરની સારવાર છે.

## શુ લેસર સારવાર ચામડી તથા શરીરના અન્ય ભાગને નુકશાન કરે છે ?

ના લેસર મશીનમાંથી જે કિરણો આવે છે તે મેલેનીન દ્રવ્યમાંજ શોષાય જાય છે. ચામડીમાં મેલેનીનનું પ્રમાણ વાળની સરખામણીમાં નજીવુ હોય છે. જેથી ચામડીને કોઈપણ પ્રકારનું નુકશાન થતું નથી. આ ઉપરાંત ''દ્રષ્ટિ હોસ્પિટલ'' માં ઉપલબ્ધ મશીનમાં આધુનિક કુલીંગ સીસ્ટમ હોવાના કરણે ચામડીને કોઈ નુકશાન થતુ નથી.

વિશ્વભરમાં લાખો લોકોએ આ સારવાર અપનાવી છે અને અણગમતા વાળ સામેના યુદ્ધમાં આધુનિક લેસર સારવાર વડે વિજય મેળવ્યો છે.

આમ, અણગમતા વાળ કાયમી ઓછા કરવાનું સ્વપ્ન ''દ્રષ્ટિ હોસ્પિટલ'' માં સાકાર કરો અને મેળવો મુલાયમ, સુંદર, વાળ વગરની સુંવાળી ત્વચા....

Hair Today..... Gone Tomorrow

**Laser Hair Removal**

**Fastest.....Safest...Reliable...Permanent**